वनस्पति आहारथी थता फायदा

अने

मांसाहारथी थता गेरफायदा.

(ઇનામી નિબંધ.)

શ્રી મુંબઇ નિવાસી શેઠ રામચંદ વીરચંદના
આર્થિક આશ્રયથી લખાવી-
પરીક્ષક કમીટી પાસે પસાર કરાવી
છપાવી પ્રગટ કરનાર.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

લેખક-ડા. ત્રીભુવનદાસ લહેરચંદ.
એલ. એમ. એન્ડ. એસ.

વીર સંવત ૨૪૩૭. વીક્રમ સંવત ૧૯૬૭
શકે ૧૮૩૩.

(સાદ્યંત વાંચવાની શરતે ભેટ તરીકે જ આપવામાં-
મોકલવામાં આવે છે.)

આ નિબંધ છાપવા છપાવવાની જેની ઈચ્છા થાય તેણે આનું ટાઇટલ ફેરવવું નહીં અને અમને લખી પુછવું જેથી પરવાનગી આપવામાં આવશે.

લાભ.

આ નિબંધ જેને જોઇએ તેણે નીચેને શીરનામે પત્ર લખી પોસ્ટેજ અરધો આનો મોકલીને મંગાવી લેવો. પોસ્ટેજ શિવાયના પત્ર પર ધ્યાન આપવામાં આવશે નહીં.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર.
શેઠ રામચંદ વીરચંદ. ત્રાંબાકાંટા. મુંબઇ.
મા. શ્રીભુવનદાસ લહેરચંદ. ઝવેરીબજાર મુંબઈ.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસમાં પ્રેસ મોતીલાલ કાળીદાસે છાપ્યું. પીરમસાના રોઝા પાસે—અમદાવાદ.

પ્રસ્તાવના.

શ્રી મુંબઇ નિવાસી શેઠ રામચંદ વીરચંદ તરફથી આ વિષયના સંબંધમાં લેખ લખાવી જેનો પસાર થાય તેને રૂ. ૫૦) ઈનામના આપવાનું અમારી તરફ લખાઈ આવતાં અમે તે સંબંધી જાહેર ખબર જૈન ધર્મ પ્રકાશમાં મુકી હતી. તે ઉપરથી પાંચ વિષયો લખાઇને આવ્યા હતા. પરીક્ષક કમીટીએ તેમાંથી ડા. ત્રીભુવનદાસ લહેરચંદનો લેખ મંજુર કર્યો. તેમને ઇનામ આપવામાં આવ્યું. બાકીના ત્રણ લેખકોના લેખ પણ સારા હોવાથી તેમને પણ ઇનામ તરીકે અમુક રકમ મોકલવામાં આવી. બાદ તેજ ગૃહસ્થની ઇચ્છાથી પસાર થયેલા નિબંધની ૫૦૦૦ કોપી માત્ર પરમાર્થ તરીકે વેંચવા સારૂ છપાવવામાં આવી છે. આ લેખની કોપી જેને છપાવવી હોય તેને છપાવવાની છુટ છે. કારણ કે આ લેખનો જેમ બને તેમ વધારે વિસ્તાર કરવો એજ ખાસ હેતુ છે.

આ નિબંધને વધારે ફેલાવવા સારૂ તેનું ઇંગ્રેજી, મરાઠી ને હિંદીમાં ભાષાંતર કરાવીને પ્રગટ કરાવવાની પણ ઇચ્છા વર્તે છે. હિંદુસ્થાનમાં પણ માંસાહારી પ્રજા બહોળી સંખ્યામાં છે. તેઓ આ લેખ વાંચે ને તેનો સાર ગ્રહણ કરી નુકશાનીમાંથી બચે તેવા ઇરાદાથી આ નિબંધ લખાવવા ને છપાવવામાં આવેલ છે. આવો પ્રયાસ બહુ મોટા પાયા ઉપર થવાની જરૂર છે. તે સિવાય હિંદુસ્થાનની દોલત તરીકે ગણાતા સંખ્યાબંધ પશુઓનો વિનાશ અટકશે નહીં. હાલ એ સંબંધમાં જે પ્રવૃત્તિ ચાલે છે, જેટલો વિનાશ થાય

છે તેટલો ઘઉંજ કરશે, તો ઘી દુધના ખોરાકમાં તેમજ ખેતીમાં મોટો ધક્કો લાગશે. આર્થિક તેમજ ધાર્મિક બંને પ્રકારના હેતુ ધ્યાનમાં રાખીને આ કર્તવ્ય અવશ્ય કરવા યોગ્ય છે. આવા અહિંસાનો પ્રસાર કરવાના કાર્યમાં વાપરેલું દ્રવ્ય સફળ છે. અન્ય ગૃહસ્થોએ અનુકરણ કરવા યોગ્ય છે.

પ્રારંભમાં વિશેષ નહી લખતાં આ નિબંધ સાદ્યંત વાંચવાની ભલામણ કરી વિરમીએ છીએ.

શ્રાવણ સુદી ૧ } શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
સંવત ૧૯૬૭ } ભાવનગર.



। श्री परमात्मने नमः ।

मांसाहारथी थती हानी अने वनस्पति आहारथी थता फायदा.



આ વિષય હાલમાં એવી મહત્વતા ધરાવનારો થઈ પડ્યો છે કે તેના ઉપર ઘણા શાસ્ત્રિય તેમજ વ્યવહારીક મંડળો બારીક શોધ ખોળ કરવા મંડેલા છે અને એટલું બધું તે બાબતમાં અજવાળું પડતું જાય છે કે આવા મોટા વિષયને આવી નાની જગ્યામાં પુરતી રીતે ઈન્સાફ આપવો અશક્ય છે.

જ્યારે વિષય આપણને એમજ આપ્યો છે કે "માંસાહારથી થતી હાની અને વનસ્પતિ આહારથી થતા ફાયદા" ત્યારે તે હાની **કેમ** થાય છે અથવા બીજી જાતના ખોરાકથી ફાયદા **કેમ** થાય છે તેમાં ઉતરવાની જરૂર રહેતીજ નથી પણ **કેટલે કેટલે અંશે થાય છે** અને એક ખોરાક બીજા કરતાં **કેટલે કેટલે દરજ્જે સરસાઈ** ભોગવે છે તે બતાવવા માટે તેના પૃથ્થકરણમાં જરા-થોડો પ્રવેશ કરી પછી સીદ્ધ થએલી બીનાઓ અને પુરાવા ઉપર વીચાર કરીશું.

પૃથ્થકરણનો વિચાર કરતાં મનુષ્ય જાતનો જે ખોરાક છે તેનો સમાવેશ નીચલા વર્ગમાં કરવામાં આવે છે.

ખોરાક

- ઈનઑરગૅનિક
  - ક્ષાર
  - પાણી
- ઑરગૅનિક
  - નાઇટ્રોજનવાળા
    - દાળ વટાણા બદામાદિ.
  - નાઇટ્રોજન સિવાયના
    - ચરબીવાળા — ઘી તેલ આદિ. (hydro-carbones.)
    - સાકરવર્ગના — સુંદર, ઘઉં, મેંદો, આદિ. (carbo-hydrates.)

આમાંથી નાઇટ્રોજન વાળા (Nitro-genous) પદાર્થો શક્તિ અને બળ આપનારા છે. એટલે કે શરીરના અવયવો બનાવવાના, અને શરીરના ભાગને પુરતી રીતે સાજા નરવા રાખવાને (to supply wear and tear) રજકણોનો ભંડાર પુરો પાડે છે (furnish elements first for development and secondly for renewal). ઉપરાંત પાચનક્રિયામાં ભાગ લેતા સર્વે રસો (digestive juices) પણ તેમાંથીજ બને છે.

પ્રથમ એમ ધારવામાં આવતું કે શરીર માટે જોઈતું બળ અને શક્તિ નાઇટ્રોજન વાળા પદાર્થોજ પુરા પાડે છે. પણ હવે શાસ્ત્રિય શોધોથી પુરવાર થયું છે કે તેનો ભાગ થોડે ભાગે અંશે નાઇટ્રોજન

સિવાયના પદાર્થો પણ ભજવે છે. અને તે ઉપરાંત શરીરને ગરમી પણ પુરી પાડે છે. જ્યારે જ્યારે કોઇ પણ ક્રિયા (chemical action) થાય ત્યારે ત્યારે થોડે ઘણે અંશે ગરમી (heat) પેદા થાયજ; અને પાચનક્રિયા તે પણ એક જાતની ક્રિયાજ છે. તેથી દરેક ખોરાકના પાચનથી ગરમી તો પેદા થાય છે. પણ નાઇટ્રોજન સિવાયના પદાર્થથી ગરમી વધારે ઉત્પન્ન થાયછે. વળી ગરમીનું માપ બીજી રીતે પણ માપી શકાય. જેમ શરીરમાં ગરમી પેદા થાય છે તેમજ શરીરમાંથી ગરમી ચામડીના છીદ્ર, નસ્કોરાં, શ્વાસાદિ દ્વારા બહાર પણ નીકળે છે. આવી રીતે ઉત્પન્ન થવું અને બહાર નીકળવું તે બેનું સમતોલપણું સચવાય તો જાણવા જોગ ફેરફાર શરીરની ગરમીમાં પડતો નથી પણ તે સમતોલપણું નાઇટ્રોજન સિવાયના પદાર્થોમાં સચવાતું નહી હોવાથી (આ વિષય અત્રેનો નથી તેથી સમજાવતા નથી—ચરબી વાળા માણસોને બહુ પરસેવો જે વળે છે તથા કેટલાએક પશુનાં શરીર બીજા પ્રાણી કરતાં વધારે ગરમ રહે છે તે બધું આવા કારણથી) વધારે ગરમી માલમ પડે છે.

આ પદાર્થો જે બે કામ કરે છે (ગરમી પેદા કરવાનું અને શક્તિ તથા બળ આપવાનું) તેમાંથી ગરમી પેદા કરવાનું કામ મુખ્ય ભાગે ચરબી વાળા પદાર્થો બજાવે છે અને શક્તિ તથા બળ આપવાનું કામ મુખ્ય ભાગે સાકર વર્ગના પદાર્થો બજાવે છે.

ટુંકામાં નીચે પ્રમાણે મુખ્ય કામનો હિસ્સો વહેંચાયલો છે:—

(a) નાઇટ્રોજનવાળા—રજકણ બનાવનાર તત્ત્વોનો ભંડાર પુરો પાડે છે. (function of giving birth to elements which make part of the com-

position of animal organism) તથા રસ બનાવે છે. (production of secretions of the economy).

(b) નાઇટ્રોજન સિવાયના.

(૧) ગરમીવાળા—ગરમી ઉત્પન્ન કરનારા (Heat-producers).

(૨) સાકરવાળા—શક્તિ તથા બળ આપનારા (energy set free by chemical action & manifesting itself under the form of mechanical force).

ઑરગૅનીક પદાર્થોમાં ક્ષાર અને પાણી—આ બંને પદાર્થોની હાજરી સિવાય ઉપરના અમે જેટલા પદાર્થો હોય તો પણ તેઓ પોતપોતાનું કામ કરી શકતા નથી (જેમ અનાજ પકાવવામાં મીઠું અને પાણી ન હોય તો દાળ, ચોખા, લોટ આદિ સ્વતઃ કાંઇ કામ આવતા નથી તેમ) અને તેથી દરેક કામમાં તેમની હાજરીની જરૂર છે.

ઉપરમાં દરેક જાતનો ખોરાક શું કામ કરે છે તે જોયા પછી હવે જે માંસાહારમાં તથા વનસ્પતિ આહારમાં આવતી મુખ્ય ચીજોમાં તે તે તત્ત્વોનું કેટલું કેટલું પ્રમાણ છે તે તપાસીએ તો વીચાર કરતાં આપણે અનુમાન કરી શકીશું કે કયો ખોરાક સરસાઈ ભોગવવા ને લાયક છે.

કેટલું કેટલું પ્રમાણ.

ભાગનું પ્રમાણ જતાવનાર કોઠો. ૧૦૦ ભાગમાંથી.

નામ.	નાઇટ્રોજનવાળા.	નાઇટ્રોજન શીવાયના.		ક્ષાર.	પાણી.	આહારનું નામ.
		ચરબી વાળા	સાકર વર્ગના.			
ઘઉ, બાજરી (જાતજાતના)	૧૫ થી ૨૨	૬૭ થી ૭૭	૨ થી ૨॥	૩	...	વનસ્પતિ આહારમાં મિશ્રિત ભાગો.
લેન્ટીલ્સ–તુઅર.	૨૫.૨	૫૬	૨.૬	૨.૩	૧૧.૫	
વટાણાદિ.	૨૩.૮	૫૮.૭	૨.૧	૨.૧	૮.૩	
બટાટા.	૨.૫	૨૧.૯	—.૧૧	૧.૨૬	૭૪	
કોબીજ.	૨	૫.૮	—.૫	—.૭	૯૧	
મકાઈ.	૧૨.૫	૭૧.૫	૮.૮	૧.૨૫	...	
ચોખા.	૭.૫	૮૯.૬	—.૮	—.૯	...	
ખજુર.	૬.૬	૬૫	—.૨	૧.૬	૨૦.૮	
કેળાં.	૪.૮	૧૯	—.૬	—.૮	૭૩.૯	
અખરોટ.	૧૨.૫	૮.૯	૩૧.૬	૧.૭	૪૪	
ભોંયસીંગ.	૨૪.૫	૧૧.૭	૫૦	૧.૮	૭.૫	
ટોપરૂં.	૫.૫	૮.૧	૩૫.૯	૧	૪૬.૬	
મગ, અડદ આદિ.	૨૫ થી ૩૦	૫૪ થી ૫૮	૨ થી ૨॥	૨ થી ૩॥	૮ થી ૯॥	

નામ.	નાઇટ્રોજનવાળા.	નાઇટ્રોજન સિવાયના.	ક્ષાર.	પાણી.	ખોરાકનું નામ.
ગાયનું દુધ.	૪.૧	૩.૯	—૮	૮૬	વનસ્પતિ વર્ગ નં. ૧
મલાઇ.	૨.૭	૨૬.૭	૧.૮	૬૬	
માખણ.	...	૮૩	૨	૧૫	
ગાયનું માંસ (બીફ)					માંસાહારમાં લેખાતા પદાર્થો.
લીન બીફ	૧૯.૩	૩.૬	૫.૧	૭૨	
ફેટ બીફ	૧૪.૮	૨૯.૮	૪.૪	૫૧	
મટન—લીન.	૧૮.૩	૪.૯	૪.૮	૭૨	
ફેટ	૧૨.૪	૩૧.૧	૩.૫	૫૩	
ફીશ—માછલી.	૧૭	૪	૧.૫	૭૩ થી ૭૮	
ઈંડાનો સફેદ ભાગ.	૨૦.૪	...	૧.૬	૭૮	
" પીળો "	૧૬	૩૦.૭	૧.૩	૫૨	

આ ઉપરાંત માંસાહારમાં બે એવી ચીજ મળે છે કે જે વનસ્પતિ આહારમાંના કોઇ પદાર્થોમાં મળતી નથી, અને ઉપરના કોઠામાં તેનો સમાવેશ થતો નથી. તે બે ચીજો (જીલેટીન અને કોન્ડ્રીન)માંથી સુપ, જેલી વીગેરે બનાવે છે. આ તત્વો આહાર તરીકે કેવા ઉપયોગી છે તેને વીષે ઘણી તકરારો વિદ્વાન મંડળમાં ચાલતી હતી. છેવટે ૫૦ વરસ ઉપર **પેરીસની ઍકેડમી ઑફ સાયન્સે** ખાસ કમીશન દ્વારા તપાસ કરી અને ઠરાવ્યું કે તે બે ચીજોની આહાર તરીકે જરૂરીઆત કાંઈ નથીજ અને જે છે તે પણ ઘણી શંકાશીલ છે. (food-value of gelatinous compounds, if not absolutely nil, was at least extremely doubtful).

આ ઉપરથી જોઈ શકાશે કે જે જે તત્વો માંસાહારના પદાર્થોમાં છે તે તે બધા વનસ્પતિ આહારના પદાર્થોમાં છે. અને કેટલાકમાંતો વધારે પણ છે. વળી વનસ્પતિ આહારના પદાર્થોની સંખ્યા ઘણી છે તેમજ તે મેળવવા વધારે સહેલા છે તેથી પસંદ કરવાની તેમજ મેળવવાની વધારે સગવડતા છે. બને જાતના ખોરાકમાં કયા કયા તત્વો કેટલા કેટલા પ્રમાણમાં આવેલા છે તથા તે બધા શરીર બંધારણ, અને બળ તથા શક્તિ આપવામાં કેટલે કેટલે દરજ્જે ભાગ ભજવે છે તે બતાવ્યા પછી, હવે સ્વભાવિક પ્રશ્ન એમ પણ થાય કે, જ્યારે બંને જાતના ખોરાકમાં સઘળા તત્વો આવેલા છે ને તે પણ લગભગ સરખા પ્રમાણમાં છે તો પછી એક ખોરાક કરતાં બીજા ખોરાકમાં વધારે ફાયદા ગેરફાયદાનો કે સરસાઇનો સવાલ જ કયાં રહ્યો. જેમ તે સવાલ નથી રહેતો તેમ વધારે સગવડે અને ફ[illegible] ખર્ચમાં મળે તે ખોરાક શા માટે ન લેવો જોઈએ તે પ્રશ્ન [illegible]

થાય. પણ આ બધા કારણો અહિંયા વીગતથી બતાવવાની જરૂર છે તે માટે તે સ્થંડ કોમ નહિ પણ પ્રકરણ ખુલ્લા કરી બતાવવા ધાર્યું

"માંસાહારથી થતી હાનિ અને વનસ્પતિ આહારથી થતા ફાયદા."

આ વિષય સંબંધે આપણે પ્રથમ માંસાહારથી થતી હાનિનો વિચાર કરવાનું નક્કી કરીએ અને પછી આપણે જોઈશું કે કેટલા કેટલા પ્રકારના વનસ્પતિ આહારથી ફાયદા થાય છે. પ્રથમ કોઈને તેવું લાગે ખરું; અને વળી જો આપણે વનસ્પતિ આહારથી થતા લાભ તે જાણ્યા, તો તે વિચાર આપણા અંતરમાં આવી જશે.

માંસાહારથી થતી હાનિ—આ વિષય ઉપર આપણે સમજવાની ખાતર નીચે પ્રમાણે પાડીએ (૧) માંસાહાર ખાનાર પોતાને (૨) તેની આસપાસના મનુષ્યોને અથવા મંડળને (society in which he moves) (૩) આખા જન સમાજને (to the whole nation) અને (૪) છેલ્લે તેના આખા દેશને (to the whole country)—

(૧) માંસાહાર ખાનાર પોતાને થતી હાનિ.

(૧) દાંત—કુદરતે જે પ્રમાણે દાંતની રચના મનુષ્ય જાતીમાં કરી છે તે માંસની ચીજને તે ચાવીએ તો પણ કોઈ રીતે સાબીત કરી શકાય છે કે, આપણા દાંત, લોઢીયાદિને ચાવવા ખોરાકના કોળી, સારી રીતે કાપીને ટુકડા કરી, પછી ચાવીને ચાવવા ખોરાકને બધે ભેગા થઈ પડે, તેમ રચવામાં આવ્યા છે. અને તેથી જોઈએ કે, ખોરાક ખાવામાં આ-

પણુ કુદરતને વેગળે મૂકીએ તેટલે દરજ્જે સહન કરવું પડે છે. અને તેથી માંસાહાર વાપરનારના દાંત, તે ખોરાક વાપરવાના પ્રમાણુમાં, કુદરતી સફેદ દુધ જેવા હોવાને બદલે, જરા પીળાશ મારના, પેઢા ખવાઇ ગયલા, અને તેથી દાંત ઢીલા પડી જતા અથવા ટુંક સમયમાં કૃત્રિમ દાંત પહેરવાની ફરજ પાડતાં, મહોં વાસ મારતા, દાંત સડી જતા (caries of teeth) વધારે રૂજી આવે છે. અને તેટલા માટેજ, વનસ્પતિ આહાર વાળો કઠણુ ચીજ જેટલી સહેલાઈથી ચાવી શકે છે (જેમ કે શેરડી દાંતથી છાલીને ખાવી) તેટલી સહેલાઈથી એક માંસાહારી ચાવી શકતો નથી. (અમેરીકન માંસાહારી દેશોમાં જે નાની ઉમરે કૃત્રિમ દાંતનો ઉપયોગ વધારે થતો તથા દાંત સાફ રાખવા અને મજબુત બનાવવાના હજારો શું પણુ લાખો સ્પેસીફીક બજારમાં વેચાતા આપણે સાંભળીએ છીએ તે શું આની સાબીતી આપતા નથી ?) અને છેવટે દાંત નબળા પડવાથી જે મીઠાશ અને લહેઝત ખોરાક ખાવામાં આવે તેનાથી માંસાહારી બેનશીબ રહે છે. અને મીઠાશ તેમજ લહેઝત ન આવવાથી બરાબર પાચન થતું નથી અને તે પ્રમાણુમાં શરીરનું ફુલવું, ઝાડો થવો, અથવા ઝાડાની કબજીઆત આદિ ઉદરના રોગોનાં ભોગ થઈ પડે છે.

જેમ દાંતને લઇને હોજરી અને પેટનાં દરદો થાય છે તેમજ ગળાના દરદો પણુ બહુ થાય છે. તેથીજ માંસાહારી પ્રજામાં, જેવી જાતના ગળાના તથા કાકડાના દરદો જોવામાં આવે છે તેવા, આપણુા વનસ્પતિ આહારી હિંદુમાં જોવામાં આવતા નથી.

(૨) ... ઑક્સિડ. આપણુા શરીરમાં જે

લેવાય છે તેનો ઘરતી જગ્યાએ પરદેશો ફેરફાર થઈ, ઉદરે લોહીમાં તેના તત્ત્વો ફેંકી મારે છે. અને લોહીમાં પુરતું કામ બજાવી, છેવટે તેનો નિરુપયોગી ભાગ બહાર નીકળે છે. તે બહાર નીકળવા માટે મુખ્ય ચાર રસ્તા છે.–પેશાબ, મળ, શ્વાસોશ્વાસ અને પરસેવો–અને જેટલે જેટલે અંશે આ માર્ગો ખુલ્લા નથી હોતા તેટલે તેટલે દરજ્જે શરીરમાં ચાલતી દરેક ક્રિયાને અવરોધ થાય છે, અને તે તે પ્રમાણમાં શરીર વ્યાધિગ્રસ્ત થાય છે.

બીજાં ઘણાં તત્ત્વો માંસની પાચનક્રિયામાં ઉદ્‌ભવતાં છતાં ખાસ મુખ્ય ધ્યાન ખેંચનાર તત્ત્વ "યુરિક ઍસિડ" નામે છે. તેનો બહાર નીકળવાનો મુખ્ય માર્ગ પેશાબનો છે. જેટલા પ્રમાણમાં માંસાહાર વધારે લેવાય છે તેટલા પ્રમાણમાં તે વધારે ઉત્પન્ન થાય છે. તેના ઉપરના ફેરફાર બાદ પેશાબમાંથી બહાર નીકળવા દરમ્યાન (પેશાબમાંથી બહાર નીકળવાને મુત્રપીંડની લોહીની નળીઓમાં જવું પડે છે) લોહીમાં તેની હાજરીથી એવો ફેરફાર થાય છે કે લોહીની કેશવાહિનીમાંથી (arterial capillaries) તે પદાર્થ પુરતો બહાર નીકળી શકતો નથી અને ન નીકળવાથી તેટલા પ્રમાણમાં તે લોહીમાં રહેવા પામે છે. અને આવી રીતે બગડેલું લોહી જ્યાં જ્યાં ફરે છે ત્યાં ત્યાં તેની અસર થતી જાય છે. (constant irritation to the walls of blood vessels). (શરીરમાં એવો કયો ભાગ છે કે જ્યાં લોહી ફરતું નહી હોય—એવો એક પણ ભાગ નથી–મતલબ કે દરેક ભાગ ઉપર તેવા બગડેલ લોહીની અસર થાય છે). જેથી સંધિવા (Rheumatism), નજલો (gout), માથું દુઃખવું, પીત્ત વધવું ઇત્યાદિ લોહીવિકારના દરદોનો ભોગ તે મનુષ્ય સહેલાઇથી થાય છે.

(માંસાહારીમાં તેથીજ લકવા; નજલાનાં તથા મુત્રપીડના દરદો વધારે માલમ પડે છે.)

Dr. Haig writes..." certainly the digestive, hepatic, and other disturbances accompanying billions attacks and sick head-aches are due to the circulation-effects of uric acid. ડૅા. હેગ લખે છે કે:—ખરેખર પાચન શક્તિના, કલેજાના અને પિત્ત વધવા તથા માથું દુઃખવાની સાથેના બીજાં દરદો લોહીમાં યુરિક એસિડ ફરવાને લીધે જ છે.] અને એટલેથીજ નુકશાન થતું અટકતું નથી, પણ, જ્યારે જ્યારે તેવા માણસોને કાંઈક અકસ્માત થાય છે, અને જખમો પડે છે, ત્યારે ત્યારે તે એકદમ રૂઝાતા નથી. [આપણામાં કહેવત છે કે, આની માટી જ એવી છે કે તેને જલદી રૂઝ આવતી નથી; અને તેથીજ જખમ રૂઝવવામાં પણ ખોરાક ઉપર ધ્યાન પહોંચાડવાની જરૂરીઆત ઉભી થાય છે. Dr. Haig writes "It is a further sequence that abstainers from flesh and tea, have, as compared with flesh-eaters and tea-drinkers a certain relative immunity from shock after injury and its more severe results."—ડૅા. હેગ લખે છે કે માંસ ખાનારા અને ચાહ પીનારામાં જખમને લઈને જે ભય-લતાડ-ધક્કો તથા તેનાં વધારે બીજા અનિષ્ટ પરિણામો આવે છે તેના કરતાં સરખામણીમાં ઘણાંજ થોડાં જ (પરીણામો) માંસ અને ચાહથી પરહેજ રહેનારાઓમાં આવે છે તે [illegible] અસરનું) પરીણામ છે.]

વધારે પીડાઈ એમ થાય છે, તેમજ હાનિકારક ખોરાકી અને
દવાના ઉપચાર કરવા જતાં કેટલે પણ ખુવાર થાય છે.

(૫) પૈસાનું ખર્ચ પણ વધારે થાય છે. એક ફિરંગી વિલાયતી
ખોરાક ખરીદવામાં જેટલું જતું જોઈએ છે, તેના કરતાં અરધેક
જેટલી ખરચ થતું [as stated by Dr. Lyon Playfair
F.R.S., C.B. and Dr. Edward Smith F.R.S
(appointed by Government to investigate the
matter, 1864)] જ્યારે હમ માંસાહાર માટે જોઈએ છે, જે, તે
તે પ્રમાણે. દમેશાં માંસાહાર કરે, તે એક મહામાં જ્યુરીઅર મજુ
રની જેવી જણાશે, જે એક શિરસ્તામાં, એક મોસ્ટરી કુટુંબનું અને
વનસ્પતિ આહારી કુટુંબના કરતાં ૧૦ થી ૧૨ ગણું વધારે ખાય
અને તેથી વનસ્પતિઆહારીને એક વર્ષમાં ૧૫૦ રૂપિયા રૂપીઆ
જોઈએ તો માંસાહારીને પંદરસોથી અઢારસો જોઈએ. હવે ગ
મનું એમ જોતાં આપણને જેટલું ખરેખું લાગે છે તેટલું જ ખરે
જ્યારે આપણે રૂપૈયાની સાથે પંદરસોનો આંકડો સરખાવીએ છીએ
ત્યારે તેટલું ખરેખું લાગતું નથી. અને એક કુટુંબમાં જ્યારે એક
માણસ રળનાર હોય (સાધારણ રીતે ઘણું ખરું માણસે એક રળના
ર જણો હોય) ત્યારે તેને રૂપૈઆ રૂપીઆ રળવાને જેટલી મહેનત
કરવી પડે છે તેના કરતાં પંદરસો રળવાને તેજ માણસને દસ ગણ
તો શું, પણ તેથી પણ વધારે મહેનત કરવી પડે; અને એક માણસ
પોતાની હદ ઉપરાંત જ્યારે મહેનત કરવી પડે, ત્યારે તેના શરીર ઉપર
અને છેવટે તેના આયુષ્ય ઉપર શું અસર થાય, તે અને લખવા કરતાં
વાંચકવર્ગ ઉપરજ વિચારવાને મુકીએ અને વળી તેટલી મહેનત
પણ જો પુરતું રળી શકાય તો તો ઠીકજ, પણ કમનસીબે

ત રળી શકાય તો, જુઓ વળી વધારે મુશ્કેલી એકતો મહેનત, ને બીજી ચીંતા, એટલે પછી પુછવું જ શું. એવી રીતે પૈસાથી અને શરીરથી, બન્ને રીતે ખુવાર થાય છે.

Mr. W. Hoyle (in a paper read before the Manchester Statistical Society) said :— It is proved that a Shilling's worth of flour or oat-meal, as well as fruit and other vegetable goods, will give as much nourishment as five Shillings' worth of flesh...and if we assume that, on the average, the six million families of the United Kingdom reduced their consumption of animal food by only one pound a week, it would give a saving of ten or twelve million pounds sterling per annum. **માન્ચેસ્ટર સ્ટેટીસ્ટીકલ સોસાયટી** આગળ નીબંધ વાંચતાં **મી. ડબલ્યુ હોયલે** કહેલું કે—એક શીલીંગની કીંમતનો લોટ કે ઓટમીલ અથવા તો મેવો કે ફળ કે બીજી વનસ્પતિ જેટલું પોષણ આપે છે તેટલુંજ પોષણ પાંચ શીલીંગની કીંમતનું માંસ આપે છે તે સીધ્ધ થયેલું છે—અને જો આપણે એમ માનીએ કે, સરેરાશ, યુનાઇટેડ કીંગડમના (ઇંગ્લંડ અને સ્કૉટલંડ) ૬૦ લાખ માણસો એક અઠવાડીએ માત્ર એક રતલ માંસ ઓછું ખાય, તો દરેક વર્ષે એક કરોડથી એક કરોડ વીસ લાખ પૌંડનો બચાવ થઈ શકે.

(૪) દારૂ પીવાનો ટેવ પડે છે. માંસાહાર ખાવાથી એક જાતની

તરસ લાગે છે અને તે છીપાવવાને માટે દારૂ પીવો પડે છે. કરતાં કરતાં તે પીવાની ટેવ પડે છે, અને દારૂ પણ વ્યસન એકને બદલે બે જાતની બદી ગળે વળગે છે. એટલે કે " કાઢતાં પેઠું ઉંટ " ના જેવો ઘાટ થાય છે. આ બાબત આગળ કહીશું.

એક ગ્રંથકાર લખે છે કે:—" Allusion has been made to the deplorable indirect effects flesh-eating. Of these, alcoholism is one of commonest. " "માંસાહારથી થતા આડકતરા ખેદકારક આગળ ક્યારનું કહેવાઈ ગયું છે. આમાંથી સૌથી સાધારણ પીવાની બદી છે."

હવે કેટલીક બાબતો એવી છે કે જો એક દૃષ્ટિથી જો તો તે માંસાહાર ખાનારને જ નુકશાન કરનાર છે એમ લાગે છે. પણ બીજી દૃષ્ટિથી જોતાં તેના મંડળને અને જનસમાજને પણ નુકશાન કરતા દેખાય છે. આવી બાબતો એવી છે કે એક બીજાથી છુટી પડાય તેમ નથી તેટલા માટે આ બાબતો આપણે સાધારણ રીતે, (૧—૩ પહેલા, બીજા અને ત્રીજા વિષયના) ભેગા મથાળા તળે વિચારીશું.

(२) आसपासना माणसोने अथवा मंडलने

तेमज

(३) आखा जनसमाजने

(१) दारुनुं खरु स्वरुप शुं छे

બાબત વિચારતાં દારની બદી

અને અને વિશેષ લખાણથી

દારૂને પ્રથમ ઉત્તેજક (stimulant) અને તેથી બળ આપ-
રી (vigorating) વસ્તુ ગણવામાં આવતી; પણ હવે નવી શોધ
ળથી તે માન્યતા ખોટી ઠરી છે. અલબત્ત, પ્રથમ તેની અસર
જક છે. પણ તે કેવી રીતે (આ બાબત વૈદકિય છે અને અત્રેના
યની બહાર છે તેથી તે ચર્ચવા જરૂર નથી.) તે અત્રે નહી
ચનાં માત્ર એક ટુંક દષ્ટાંતથી તે સમજાવીશું. કોઈ એક નાનું
ચ્યું હોય ને તેને બરાબર ચાલતાં નહી આવડતું હોય, તેને જો
રા આંગળાનો ટેકો આપીએ, તો તેના અવલંબનથી ઉતાવળે ચાલે,
ને તેમ કરતાં દોડે પણ ખરૂં, ને ખેંચીએ તો ખેંચાતું પણ આવે,
શું; જેવું તેને દોડાવીને પડતું મુકીએ, કે તેની શી દશા? થોડો
ક લાગ્યો હોય ને પાછો ઉતરી જતાં સ્વતઃ પોતાની મેળે ચાલવા
ગે, તેના કરતાં ઘણો વખત સુધી તેજ થાક ઉતારવા થોભવું પડશે,
ને કદાચ બહુ દોડતાં જો થાકની હદ ઓળંગી જવાઈ હોય તો,
થારી વશ પણ થવું પડે. તેવીજ રીતે દારૂ પીનારની સ્થિતિ થાય છે.
ગી દારૂમાં એક બીજો અવગુણ છે; જે સમજવામાં પણ, ઉપરની માફક
પ્રથમ ભૂલ થતી હતી. ઉપરનો દષ્ટાંત stimulant વિષે છે; હવે
વે બળ આપવાની વસ્તુ (vigorating) તરીકેના ગુણ [illegible]
ચાર કરીએ. દારૂમાં બળ આપવાની શક્તિ છે તે [illegible]
થી, પણ જે બળ (બળનો ભંડાર) ગુપ્ત રીતે (latent force)
આપણા શરીરમાં પડી રહેલ હોય છે, તેજ પ્રથમ, [illegible]
યાં ત્યાંથી, અને છેવટે ભંડોળ ખુટતાં ખુણે ખાંચરેથી [illegible]
અને તેમ કરતાં ભંડાર (ભંડોળ) ખુટી જાય છે [illegible] ([illegible]
ઉત્પત્તિનું દીવાળું એટલે શું—મરણ) કહાવે છે; [illegible]
જે ધનાઢય હોય [illegible] વેપાર કરતો [illegible]

અને તે ખોટ પુરવા—આની તરફ ખાટ રાખવા વહેવાર, સાચવે. તો જોઇએ જ—સંઘરેલું ધન વાપરવા માંડે, અને બીજી બાજુ પોતાનો ખોટનો ધંધો તો ચાલુ જ હોય, એટલે ખોટતો વધતી જ જાય, અને હારેલો જુગારી બમણું રમે તેના જેવી તેની સ્થિતિ થાય. તેથી સંગ્રહ કરેલા ધનમાંથી વધારે ને વધારે તેને કાઢવાની જરૂર પડે, (શું આવા વખતે તેનો વધારે દોર દમામ, અને ગાડી ઘોડા ઇત્યાદી જોઇને કોઈ પણ ડાહ્યો માણસ એમ વીચારશે, કે તેની પાસે ઠીક કસ છે; જો નહિ જ વિચારે, તો શું તેજ પ્રમાણે માણસ એક દારૂ પીનાર માણસને મોટાં પરાક્રમના—ખરી રીતે પોતાની જ ખુવારીના—કામ કરતો દેખી તેને માટે સારો ખ્યાલ બાંધશે?) તો છેવટે તેની સ્થિતિ કેવી થાય; તે આપ પોતે જ વિચારી લેશો.

(Dr. Haig M.A. M. D. Says:—"Unnatural stimulant, alcohol......stimulation is mearly a call on the reserves of force already in the body and the more these reserves have already been called upon, the greater will be the stimulus required to produce force Food introduces force from without; a stimulant calls out force already in the body; force is thus proportional to the quantity of food) but *not*... proportional to the quantity of stimulant. It has been truely said, the man, who relies upon stimulants for strength, is lost, for, he is drawing reserve fund, which is not completely

replaced and physiological bankruptcy, must inevitably result."

"ડૉ. કેશ, ઍમ; એ ઍમ. ડી. લખે છે કેઃ—દારૂ તે કૃત્રિમ ઉત્તેજક છે. ઉત્તેજક પદાર્થ, શરીરમાં જે ભંડોળ (બળ) અગાઉ સાચવી રાખેલ હોય છે તેનોજ માત્ર ઉપયોગ કરે છે. અને જેટલા જેટલા પ્રમાણમાં આવા ભંડોળનો અગાઉ ઉપયોગ થઈ ગયો હોય તેટલા તેટલા પ્રમાણમાં બળ વધારે, ઉત્પન્ન કરવામાં, વધારે ઉત્તેજકની જરૂર રહે છે. ખોરાક છે તે બહારથી નવા બળનો વધારો કરે છે અને ઉત્તેજક છે તે, જે શરીરમાં અગાઉનું બળ પડેલું છે તેજ ઉપયોગમાં બહાર લાવે છે. આથી કરીને (ખરું) બળ જે પ્રમાણમાં ખોરાક લઇએ તે પ્રમાણમાં હોય છે; નહી કે જે પ્રમાણમાં ઉત્તેજક પદાર્થ લઈએ તે પ્રમાણે. આટલું કથન વ્યાજબી છે કે જે માણસ બળજ માટે ઉત્તેજક પદાર્થ ઉપર આધાર રાખે છે તે (પોતાની ધારણામાં નિષ્ફળ જાય છે (મરણ પામે છે) કારણ કે તેથી કરીને તેના ભંડોળમાંથી ખોટ પડે છે. અને તે પૂર્ણ રીતે ખોટ પુરાતી નહી હોવાથી શારિરીક સંપત્તિનું દીવાળું નકી કાઢવું જ પડે છે.")

જેમ ઉપરના દષ્ટાંતે દીવાળું કાઢે તેમ શરીરની બાબતમાં પણ મરણજ થાય; અને તેથી ટુંકી ઉમ્મરમાં આયુષ્ય પૂર્ણ કરી આ—અમુલ્ય અને દશ દષ્ટાંતે મળવો પણ દુર્લભ એવા—મનુષ્ય દેહના આમ તેમ સુંથણા કરી—વ્યર્થ ગુમાવી—અનંત સંસારમાં પરિભ્રમણ કરવા પાછો તે કુળકી મારી ચાલ્યો જાય છે.

(२) बीजां पण अनेक दरदो तथा व्यभिचार वधे छे.

ઉપર આપણે બતાવી ગયા છીએ કે માંસાહારીને સડવાદિ અનેક દરદો થાય છે–તેમાં વળી આ દારૂની બદી ગળે વળગે, એટલે તેને લગતાં દરદો પણ, રોળાબંધ (હારદોર) એક પછી એક આવે છે. જો કે દારૂને લીધેજ આયુષ્ય ટુંકું તો થાય છેજ પણ, "અકરમીના પડીયા કાણાં" એવો ઘાટ થયો, કારણ, એક તો બદીને લીધે શરીર ઉપર અસર, અને બીજું તેનાથી નીપજતા પરીણામે થતી અસર—એટલે કે મરણ તો છેજ, પણ તે પણ શાંતિથી નહીજ—મતલબ કે તે મરણ પણ બગડે છે.

અત્યાર સુધી, જે જે દરદો માંસથી અને દારૂથી બહાર પ્રગટી નીકળે છે તે વિષે વાત કરી ગયા, પણ એવા કેટલાક પરીણામો છે કે જે દરદ રૂપે નહી પણ તેથી પણ કાતિલ ઝેર રૂપે બહાર નીકળતા આપણને પત્યક્ષ માલમ પડે છે.

માંસાહાર અને દારૂ પીવાથી એવા કેટલાક અંતર્ગત ફેરફાર, અને માનસિક વૃત્તિ ઉપર અસર થાય છે કે તેનું પરિણામ વિષય વૃત્તિમાં વધારા રૂપે બહાર પડે છે. અને આપણે સહજ સમજી શકીએ છીએ કે જો વિષયવૃત્તિમાં વધારો થયો તો તે વ્યભિચાર રૂપે જન સમાજની દષ્ટિએ પડે જ; અને વ્યભિચારથી શું શું ગેરફાયદા છે (તે વિષય અત્યારનો નથી) તે બહુ નહી ચર્ચતાં ટુંકમાં એકાદ બે દર્દ વિષે ઇસારો કરી અટકીશું. કામ આંધળો છે. અને તેથી ગમે તેવી સ્ત્રીના સંસર્ગમાં જતાં, ચાંદી અને પરમા જેવા ઠેઠ જીંદગી પર્યંત ચાલતાં દરદોનો, તે ભોગી થાય છે. અને આવી રીતે મરણ બગાડવામાં ઉપરનાં કારણ ને મદદ રૂપે થાયછે; દરદ સિવાય બીજા અનાચારો (વ્યભિચાર ને લીધે) થાય તે તો જુદા. શું [illegible]રી પ્રજામાં આના પુરાવા માટે શોધવા જવું પડે તેમ છે?

વ્યભિચારપણાને લીધે વેશ્યાની સંખ્યામાં પણ (Prostitution) વધારો થાય છે, વધારે નહી લખતાં, એક અંથકારના પોતાના જ શબ્દ લખીએ. " The stimulation and irritation produced in the nervous centres by the constant ingestion of highly nitrogenised and exciting meals, influences the genital functions in a powerful degree and sets up a condition of pressing insatiability......the deepest, truest, and most general causes of prostitution, in all great cities must find in the luxurious and intemperate habits of eating and drinking, prevalent among the rich and well-to-do. The chief element of this luxury is the use of flesh and alcohol......હમેશને હમેશ ઘણા નાઇટ્રોજનવાળો (મસાલેદાર) અને ઉત્તેજક ખોરાક ખાવાથી, જ્ઞાનતંતુઓ ઉપર જે ઉત્તેજક અને ખિજ ઉત્પન્ન કરે તેવી અસર થાય છે, તેને લઇને વિષયવૃત્તિ ઉપર ઘણે દરજ્જે અસર થાય છે અને સખ્ત વખવખાટ જેવી સ્થિતિ કરી મૂકે છે. સઘળાં મોટા શેહેરોમાં વ્યભિચારનાં જો ઉંડામાં ઉંડા, સત્યમાં સત્ય, અને સૌથી સાધારણમાં સાધારણ કારણો તપાસીશું, તો પૈસાદાર અને આવી સ્થિતિ વાળા મનુષ્યોમાં જે ખાવા પીવાની ઉડાઉ (મોજ શોખીલી) અને અપરિમિત રાહ રસમો છે તેજ માલમ પડશે. અને આ મોજ શોખનું મુખ્ય કારણ (પાયો) (મધ્ય બિંદુ) માંસ અને દારૂનો ખપજ છે (માંસાહાર અને દારૂ પીવાની ટેવ).

(૨) [illegible] નામર્દી થાય છે, લોહીનાં [illegible] ફેરા

તામસી પ્રકૃતિમાં વધારો થાય છે અને આપણે જાણીએ છીએ કે તામસી પ્રકૃતિ વાળા પોતાના સ્વભાવને કાબુમાં રાખી નથી શકતા. સ્વભાવને કાબુમાં રાખી નહી શકવાથી મરજી વિરૂદ્ધ કોઈ પણ થતાં એકદમ ગુસ્સો પેદા થાય છે અને ગુસ્સાનાં પરીણામ કેવાં આવે છે તે આપણા જૈન સમાજને બહુ જાણીતી વાત છે એટલે વિગતે કહી બતાવવાની જરૂર રહેતી નથી. પણ વારંવાર આપણને વાંચવાનો પ્રસંગ આવે છે કે અમુક ઠેકાણે અમુક અમુક વ્યક્તિએ ગુસ્સામાં કોઈને પેટમાં લાત મારીને મરણ નીપજાવ્યું, કટકા કર્યાં ને ખોપરી ફુટી; આ બધું માંસાહારનું જ પરિણામ છે. અને માંસાહારી પ્રાણીએ જેવાં કે શીકારી કુતરાં, સિંહ, વાઘ, ચિત્તા, વરૂ ઇત્યાદિના જનુ સ્વભાવ ઉપર આપણે વિચાર કરીએ છીએ ત્યારે ઉપરની વાતો ટેકો મળે છે.

એક વૈદિક અઠવાડિક પત્રમાં નીચેની બીના આવેલી છે:- In the Lancet (Vol. I 1869) Liebog maintain that the ingestion of flesh produces in the carnivorous races the ferocious and quarrelsome disposition which distinguishes them from the herb-eaters. A bear kept at the Anatomical Museum of Giessen showed a quiet gentle nature so long as he was fed exclusively on bread, but a few day's feeding on meat made him vicious and even quite dangerous. ધી લૅન્સેટમાં (૧૮૬૯ નું પુસ્તક ૧ લું) મી. લીબીગ સિદ્ધ કરે છે કે માંસાહારથી, માંસાહારી જાતોમાં ખાતુકી (જનુની) અને

કજીઆખોર સ્વભાવ પેદા થાય છે, અને આ સ્વભાવને લીધે તેઓ વનસ્પતિ આહારીથી ઓળખાઇ આવે છે. ગીસનના ઍનેટૉમીકલ મ્યુઝીયમમાં એક રીંછ રાખવામાં આવ્યું હતું જે સ્વભાવે શાંત અને નમ્ર હતું જ્યાં સુધી તેને ફક્ત રોટીનો જ ખોરાક આપવામાં આવતો હતો ત્યાં સુધી; પણ થોડા દીવસના માંસાહારથી તે દુર્ગુણી અને વળી તદ્દન જનુની બની ગયું. વળી ડૉ. પેલી કહે છે કેઃ—

, and that dogs kept for the purpose of protecting houses and other premises are often fed upon flesh expressly to render them ferocious and combative and dangerous therefore to burglars... ..... Examples of this kind are of the commonest experience. અને જે કુતરાઓને ઘર અને બીજી પ્રમારતો સાચવવા માટે રાખવામાં આવે છે તેઓને વારંવાર માંસ ખોરાક આપવામાં આવે છે માત્ર એજ હેતુથી કે, તેઓ ક્રુર (જનુની) અને લડવાડીઆ (ભસીને બધું પડોશ ગજાવી મુકાવે તેવા) બને, અને પરીણામે ચોર લોકો ને ભય સમાન થઇ પડે......આવા દાખલા દરરોજના અનુભવમાં આવે છે.

(૪) દીવાનાપણું વધે છે. ઉપરના જે જે દુર્ગુણો આપણે બનાવી ગયા તેની સાથેજ સદ્ભમાં ઉભું રહે તેવું એક બીજું—પણ તદ્દન જુદુંજ—દરદ પણ છે અને તે દીવાનાપણું છે. આ દરદ પણ લોહીના ફેરફારને લઇને મગજ ઉપર થતી અસરને લીધે ઉદ્ભવે છે. ... [illegible] ાં યુરોપી. અને અમેરીકન

માંસાહાર ખોરાક વિશેષ પ્રમાણમાં વપરાય છે ત્યાં દીવાનાઓની સંખ્યા વિશેષ છે. તેમજ જે જે દીવાનાઓ છે તેના ઇતિહાસની રૂપરેખા જો દોરવામાં આવે તો દારૂ અને માંસ ખાનારાજ ઘણા ખરા નીકળશે.

(૫) રૂપમાં સરસાઇ ભોગવતાં નથી. ઉપરના દુર્ગુણોને લઇને જે જે દરદ અનેક અવયવ ઉપર થોડી કે ઘણી, દેખીતી અથવા ગુપ્ત રીતે અસર કરે છે તે તે આપણે પૃથક પૃથક વિવેચનમાં બતાવી ગયા છીએ એટલે, હવે અત્રે એટલુંજ કહેવું બસ થશે કે તે અવયવો ખામી વાળા હોવાથી માંસાહારી પ્રજાના રૂપ ઉપર ઘણી જબરી અસર થાય છે અને તેઓ પોતાના કદરૂપ વન-સ્પતિ ખોરાક ઉપર રહેનારી પ્રજા સાથે સરખાવતાં રૂપમાં કોઇ રીતે ઉંચો દરજ્જો મેળવવાને લાયક રહેતી નથી. આ વિશેનાં દષ્ટાંત માટે જુઓ આગળ.

(૬) માંસ પોતેજ રોગિષ્ટ હોવાથી તે તે રોગનાં ભોગ થાય છે. માંસાહારી પ્રજાને જે માંસ ઉપર ગુજરાન ચલાવવું પડે છે, તે માંસ માટે, જે જે પ્રાણીઓને જબેહ કરવામાં આવે છે, તેતે પ્રાણીઓ, કોઈ તંદુરસ્ત હોતાં નથી. પણ કુદરતે નિર્માણ કરેલાં તેમનાં કાર્યો બજાવવામાં, ઉમ્મરને લીધે અથવા શરીર વ્યાધિ તેમજ બીજા કારણોને લઇને જ્યારે તેઓ અશક્ત થાય છે ત્યારે જ તેમને કસાઇખાને લઇ જવામાં આવે છે. હવે આવા નિર્માલ્ય પ્રા-ણીનું માંસ તે માંસાહારી પ્રજા ખાય તો શું શું દરદો તેમને ન થાય ? આ દરદનો વિષય ઘણો બહોળો છે પણ જરાક ઇન્સાફને ખાતર થોડુંક સામાન્ય વિવેચન કરવાની જરૂર રહે છે. તેવું માંસ

ખાવાથી નીચેના કારણને લઇને તે ખાનારને હેરાનગતીમાં ઉતરવું પડે છે. (૧) તે પ્રાણીમાં જે દરદ હોય તે દરદના સૂક્ષ્મ જંતુને લીધે. (૨) કેટલાંક ચેપી દરદો જેવાં કે પાંઠાં, આંતરડાંનાં દરદો તે પ્રાણીઓને આગળ થઈ ગયાં હોય તેની કેટલીક ચાલુ ઝેરરૂપી અસરોને લીધે. (૩) તે પ્રાણીએ જીવતાં જે જે પદાર્થો ખાધા હોય તેની અસરને લીધે, અત્રે જણાવવું જરૂરનું થઇ પડશે કે કેટલીક ચીજો પશુને જે ઉપયોગી હોય છે છતાં મનુષ્યને ઝેરરૂપે પરીણમે તેવી હોય છે. આ બાબતમાં એક વઇદકીય વર્તમાનપત્રમાં (In the Edinburgh Medical and Surgical Journal July 1844—૧૮૪૪ના જુલાઈ માસના એડીનબરો મેડીકલ અને, સરજીકલ જનરલ નામનું માસીક) એમ લખાયલુંછે કેઃ–It is observed thatinAmerica there arc certain regions extending for many miles in length and breadth on the herbage of which if an animal feeds its milk and flesh acquiro poisonous properties, yet itself onjoying tolerablé health. ઘણા માઇલો સુધી લાંબા પહોળા વિસ્તારનાં એવાં કેટલાંક જગો અમેરીકામાં છે કે જેના ચારા ઉપર પ્રાણી ચરે છે તે પોતે સારી તંદુરસ્તી ભોગવતાં હોય છે છતાં તેનું દુધ અને માંસ ઝેરી અસરવાળાં થાય છે. આવું માલમ પડેલું છે. (૪) પ્રાણીને મારી નાખ્યા પછી અને તેનું માંસ ખાવાના ઉપયોગમાં લેવાય છે તે દરમ્યાન જે ફેરફાર થાય છે તેની અસરને લીધે.

અભિપ્રાય સહાબત આપવા ઉપયોગી થશે એમ ધારી કેટલાક ટાંકીએ.

(a) Prof. Gamgee in his report says, a fifth of the total quantity of flesh—meat consumed, is derived from animals killed in a state of disease malignant or chronic. પ્રો ગામજી પોતાના રીપોર્ટમાં કહે છે કે જે કુલ માંસ ખાવાના ઉપયોગમાં લેવાય છે તેનો પાંચમો ભાગ, ઝેરી તેમજ જુના દરદોથી પીડાતા જનાવરોને મારવાથી થાય છે. (b) Sir Robert Christian M. D. asserts positively that the flesh and secretions (milk included) of animals affected with carbuncular disease—are so poisonous that they alike who handle and who partake them are apt to suffer severely—સર રોબર્ટ ક્રીસ્ટીઅન એમ. ડી. ખાત્રીથી કહે છે કે જે જનાવરોને પાકાં જેવાં દરદો થયાં હોય છે તેઓનું માંસ તથા દુધ જેવા પદાર્થો એટલા તો ઝેરી છે કે જેઓ તેને અડકે છે અથવા ખાય છે તે બધાં સરખી રીતે જ ગંભીરપણે હેરાન થાય છે. (c) Dr. A. Carpenter, speaking before the Sanitary Congress said that he had heard an agent of the police, Inspector of the Metropolitan Meat Market assert upon oath that *eighty per cent* of the flesh meat sent to the London Market is affected with tubercular disease and he added that to exclude such

meat from the trade, would have the public without a meat supply. સૅનીટરી કૉન્ગ્રેસ આગળ જુબાની આપતાં ડૉ **એ. કાર્પેન્ટરે** કહેલું કેઃ—એક પોલીસનો એજન્ટ કે જે મેટ્રોપોલીટન **મીટ માર્કટનો** ઇન્સ્પેક્ટર હતો તેને પ્રતિજ્ઞા પૂર્વક નીચે પ્રમાણે કહેતાં મેં સાંભળ્યો છે—શું કહેતાં, કે—લંડન (ધ્યાન આપજો લંડન જેવા)ની મારકીટમાં જે માંસ મોકલવામાં આવે છે તેનો સેંકડે ૮૦ ટકા ક્ષય રોગ વાળો છે અને વળી વધારે ઉમેર્યું કે જો આવું (બગડેલું) માંસ વેપારમાંથી રદ બાતલ કરવામાં આવે તો જાહેર પ્રજાને કોઈ પણ માંસ ખોરાક મળે નહીં.

આ ઉપરાંત એવા ઘણા કેસો અને બનાવો નોંધાયલા છે કે અમુક અમુક ઠેકાણે, અમુક અમુક મેળાવડામાં, ખાણામાં, પાર્ટીમાં, અમુક જણાએ ભેગું માંસ ખાવાથી અમુક મરી ગયા, અમુક હમેશ માટે દુઃખ ભોગવતાં થયા ઈત્યાદિ. આ બધું, માંસ ખાવાથી માંસાહારી પ્રજા દરેક રીતે, ઘડીએ ને પલકે હજારો ભયમાં આવી પડે છે એમ શું સુચવતું નથી ?

(૭) **અકરાંત્યા થઈ જવાય છે** એવું સાબીત થયું છે કે માંસાહાર જલદી પચી જાય છે. અને તેથી પુરતું બળ ટકાવી રાખવાને મોટા જથામાં લેવું પડે છે. તેથી ધીમે ધીમે અકરાંત્યા થઇ જવાય છે. તેટલા માટે માંસાહાર પ્રજામાં વનસ્પતિ અહારી પ્રજા કરતાં વધારે વખત ખોરાક લેવો પડે છે અને તે પચવવાની હોજરીને પુરતા વખતની સગવડ કરી આપવા માટે (બે પુરા વચ્ચે ચારથી પાંચ કલાક જવા જોઇએ) વખતની એવી

કરવી પડે છે કે મોડી રાત સુધી પણ ખાણું લીધા વીના ચાલતું નથી, અને મોડી રાત્રે ખાણું લેવાથી જે રીતે હરકત થાય છે, તે તો, જો તુરત જ સુઈ જવામાં આવે તો (ઉંઘમાં પાચનક્રિયા બીલકુલ ચાલતી નથી અને કદાચ ચાલે છે તો બહુ જ મંદ રીતે-આ સિદ્ધાંત છે) બરાબર પાચન થતું નથી અને તેથી શરીર ઉપર અસર કરેછે જેથી બીજા દીવસોના કામમાં પુરતું ધ્યાન અપાતું નથી. અને બીજું એ કે,—જો ખાણું ખાધા પછી ત્રણ કલાક જાગતા અથવા હરેરા ફરવામાં કાઢવા બાદ સુવે તો સાધારણ રીતે બી દીવસે મોગજ ઉડાય અને કામ કરવાનો કુદરતી વખત જે દીવસ છે તેનો બરાબર ઉપયોગ ન થઇ શકે; આ કારણથીજ યુરોપી અન્ન કામ કરવાનો વખત વનસ્પતિ આહારી પ્રજા કરતાં જુદો પડે છે

વળી દીવસના ભાગમાં કામ કરવાને બદલે જો રાત્રીમાં કામ કરવાનું માથે રાખે તો બત્તી વિગેરેનું ખર્ચ માથે પડે, અને ઉપર આંખને જે શોસવું પડે તે તો વરાવમાં. કદાચ એમ ધારો કે સવાર વહેલો ઉઠી બપોરની જરા નીદ્રા કરે તો; આ સર્વ કોઇએ અનુભવ હશે—કારણ કે તે સિદ્ધ છે—કે દિવસના ભાગમાં રોજ આપણે ૨ પહોર થવા હોય તો ઉઠતી વખત, આળસ મરડતાં, અને સ્વસ્થ ચિત્ત થતાં, અને બરાબર ભીજાજમાં આવતાં, ઘણો વખત નીકળ જાય છે, તેમ છતાં જે મોડી ઉંઘ રાત્રીના એક કલાક આવીને આપણને તંદુરસ્તી બક્ષે છે તેટલીજ તંદુરસ્તી, દીવસના ત્રણ કલાકની ઉંઘ પણ આપી શકતી નથી.

Dr Haig M. D. says "another very commo of meateating will be, certain amount o

dulness, heaviness, and disinclination for mental or bodily exertion, in the morning hours often associated with more or less irritability and mental depression...In fact, the meat-eater is never quite himself or at his best till the evening. સવારના પહોરમાં થોડું ઘણું ચીરડાઉપણું અને ઉદાસીપણા સાથે, શારિરીક અને માનસિક કામ કરવાની બેચેની, આળસ અને સુસ્તાઈ તે માંસાહારથી હર હંમેશની સાધારણ અસરજ છે. ખરી રીતે જોતાં, એક માંસાહારી મનુષ્ય ઠેઠ સાંજ સુધી બરાબર ખુશ મીજાજમાં કે ચેન બાજીમાં હોતો નથી.

(૮) **वखतनी फरकसरता सचवाती नथी.** ઉપર આપણે કહી ગયા કે માંસાહાર જલદીથી પચી જતો હોવાથી તેનું બળ વધારે ટકતું નથી અને તેથી વધારે વખત ખોરાક લેવો પડે છે. આવી રીતે વધારે વખત ખોરાક લેવાથી વધારે વખત પકાવવાની જરૂર પડે છે. એટલે કે પકાવનારને પણ વખત વધારે રોકાય છે. તેમજ જમનારને પણ આખા દીવસનો મોટો ભાગ રોકવો પડે છે. Time is money "વખત એજ પૈસો છે." તે સત્રનું ઉલંઘન થતું જાય છે.

(९) **बळ वधारे टकी शकतुं नथी तेथी मोटां पराक्रम थतां नथी.** વળી બળ વધારે વાર ટકી નહીં શકવાથી બળવાળાં જે કામ કરવાનાં હોય છે તેમાં માંસાહારી પ્રજા હરીફાઇમાં ટકી શકતી નથી. બળવાળાં કામ કે જેમાં બોજા ઉચકવાનું કામ છે, રમત દોડવાની શરતો છે [illegible] તથી લાગ્યા રહેવાનાં જે કામો કામોમાં હમેશાં [illegible] હાર વાળાઓએજ મોટી ફતેહ

અજ્ઞાન મનમાં–અને દાક્તરી લાઈનના મગજોમાં પણ–એવો અભિપ્રાય મજબુત કરી બેઠો છે કે બળ અને તાકાત આપનારી ચીજો માંસાહારી પદાર્થોજ છે. આ વિષય અત્યારનો નહીં - દોઢથી તે બાબત વધારે નહીં લખતાં તે બાબતના એક અભ્યાસી મેયારેક પોતાનાજ શબ્દો ટાંકીશું–" Flesh food contains the elements of physical force, and that to be strong, robust and endowed with muscular energy, it is necessary to partake largely of animal food ......This belief finds partisans not only among the general public but in the world of medical teachers and practitioners who, for the most part, have adopted the opinions and faith of the vulgar, upon the strength not of scientific examination but of accepted custom. "માંસાહારમાં શારિરીક બળના તત્વો રહેલાં છે અને બળવાન, પહેલવાન, ..અને મજબુત થવાને મોટા જથ્થામાં માંસાહાર ખાવોજ જોઇએ ......આ પ્રમાણેના મતમાં, જનસમુદાયજ નહીં પણ વૈદકીય શિક્ષાગુરૂ અને ઉપચાર કરનારાઓમાં પણ મત ફેર છે. તેઓ (વૈદકીય ધંધાના માણસો) એ જનસમુદાયનો જે અભિપ્રાય અને મત અંગીકાર કર્યો છે, તે, નહીં કે કોઇ શાસ્ત્રીય પુરાવા અથવા શોધખોળથી, પણ ચાલતા આવેલા રીત રીવાજથી." કદાચ આપણને આ હસવા જેવું લાગે, પણ જો બીના આપણે હરરોજ નીત્યના હોય્એ તેનો જ જો સબુરો–સાહેદ આપવામાં આવે તો આપણે પ્રમાણીકપણે કબુલ જોઇએ, કે હા, તેમ હશે. તે બાબતમાં તેજ પ્રકાર આગળ

આવતાં લખે છે કે—" Nevertheless, we daily see in our fields and our streets, ample evidence that the strongest, usefullest and the most capable workers among the animals are precisely those which never taste flesh-meat, their force and endurance are invincible and surpass beyond comparison that of their beef-fed masters. All the labour of the world is performed by the herbivora-horses, oxen, mule, elephants, camels; by these our fields are ploughed, our cities built, our battels fought, our journeys accomplished, and to these is man largely indebted for the existence of civilisation, commerce and national wealth. No carnivorous animal can boast the enormous power of the herbfed rehinoceros, who breaks with scarce an affort trunks of trees, and grinds whole branches to powder like so many wisps of hay. No carnassier exhibits the endurance and stay of the horse, who toils with hardly any rest from morning to night under the weight of immense burdens, and whose strength has passed into a proverb. તે છતાં પણ આપણે દરરોજ આ[illegible] ખેતરો અને મોહલ્લાઓમાં ચોખ્ખું જો[illegible] જોઈએ છીએ કે [illegible]ી મજબુત, સૌથી વધુ

અને સૌથી વધુ કામ કરવાને શક્તિવાન ફક્ત તેઓ છે કે જેઓ કદી માંસના ખોરાકને અડકતા નથી. તેઓનું જોર અને સહેનશીલતા અદ્ભુત છે. અને ગાયનું માંસ ખાનાર તેઓના શેઠ કરતાં સરખામણીમાં ચડી જાય છે. આખી દુનીયામાં સઘળી મહેનત કરનારા, ઝાડપાન ખાનારા (જનાવરો)છે જેવાકે ઘોડા, બળદ, ખચ્ચર, હાથી, ઉંટ વિગેરે; એઓથી આપણાં ખેતર ખેડાય છે, આપણાં શહેરો બંધાય છે, લડાઇઓ લડાય છે, મુસાફરીઓ પુરી કરવામાં આવે છે, અને મનુષ્ય જાતિમાં જે સુધારો, વ્યાપાર અને સાર્વજનિક હાલતમાં વધારો થયો છે તે આ જનાવરોને લીધેજ છે. ઘાસ ચારો ખાનાર ગેંડો જે ઝાડના થડો ઘણી સહેલાઇથી ભાંગી નાખે છે અને જાણે સુકા ઘાંસના કોળીયા ચાવતો હોય તેમ ઝાડની ડાળીઓને ચાવીને ભુકા કરી નાખે છે. તે ગેંડાના અતિશય જોરની બરોબરી માટે કોઇ માંસાહારી જનાવર મગરૂર થઇ શકતું નથી. ઘોડો કે જે સવારથી રાતી સુધી કાંઈ પણ થાક વગર મોટા બોજાના ભાર તળે કામ કરી શકે છે અને જેનું જોર એક કહેવત રૂપ થઇ પડયું છે તેના જેવી સહનશીલતા અને ઉભા રહેવાની શક્તિ કોઇ માંસાહારી જનાવર ધરાવતું નથી. વળી: Dr. Chaillu reports that he saw a gorilla nourished with simple fruits and nuts, break in his hands, with apparent effect, the gun accidently dropped by one of his pursuers. An eminent naturalist Dr. Duncan F. R. S. assures us that this animal in his native wilds is more than a match for the African lion.—ડા. શૈલુ લખે છે કે તેણે એક વાંદરૂં જોયું હતું જે માત્ર ફળો અને કોટલાં ખાતું; તેણે

પોતાની પાછળ લાગેલા શીકારીમાંના એકના હાથમાંની બંદુક જે એકસ્માતથી પડીગંઇ હતી તે કાંઇપણ મહેનત વગર ભાગી નાખી. ડૉ. ઇંકન એફ. આર. એસ. જે એક પ્રખ્યાત કુદરતી તવારીખ જાણનાર છે તે ખાત્રીથી કહેછે કે આ જનાવર પોતાના દેશના જંગલમાં એક આફ્રિકન સિંહને સહેલાઇથી હરાવી શકે તેવું હોય છે. અત્રે વનસ્પતિ આહારથી જે કેટલાક વખાણવા લાયક ગુણો, જુદા જુદા દેશની પ્રજામાં ઇતિહાસકારો, ગ્રંથકારો આદિએ જાણ્યા—જોયા છે તે આપવા ઉપયોગી થઇ પડશે જેથી માંસાહારથી થતી હાનીના વિષયને સમજવાને પુરતી રીતે મદદગાર રૂપ થઈ પડે:—

Rollin's Ancient History Vol. I--"And one of the means employed for accomplishing this object was the enforcements of a very severe and frugal dietary, composed only of figs, nut, cheese, and maize-bread, without wine". In the palmy days of Greece and Rome, before intemperance and licentious living had robbed these kingdoms of their glory and greatness, their sons, who were not only soldiers but heroes subsisted *on simple vegetable* food, rye meal, fruits and milk. The chief food of the Roman gladiators was barley cakes and oil. આ હેતુ પૂર્ણ કરવાને જે ઉપાયો કામે લગાડવામાં આવતા તેમાંનો એક ઉપાય, જે ફક્ત અંજીર, કોટલાં, પનીર, અને દારૂ મકાઇની રોટલીનો [illegible]મને ખાવાની ફરજ

ગ્રીસ અને રોમ જ્યારે સંપત્તિના શિખરે હતા અને તેમની કીર્તિ અને મોટાઈનો દારૂની બદી અને મોજ શોખથી નાશ થયો તે પહેલાં, તેમના યુત્રો (સીપાઇઓ) જેઓ માત્ર લડવૈયા જ. હતા એમ નહીં પણ પહેલવાન પણ હતા તેઓ ફક્ત વનસ્પતિ ખોરાક, રાઈનો ખોરાક (એક જાતનું અનાજ) ફળ અને દુધજ ખાતા. રોમન તળવાર બાજોનો મુખ્ય ખોરાક જવની રોટી અને તેલ હતાં.

It was no regimen of flesh, that inspired the magnificent courage of the Spartan patriots who defended the defiles of thermofylae, or that filled with indominable valour and enthusiasm the conquerors of Salamis and Marathon. And even in these days it must not be forgotton that the kreophagist nations constitute little more than a quarter of the human race, and it is precisely among this fourth part of mankind that the greatest amount of misery, crime and disease is found. સ્પારટાના દેશહીતકારક નરો જેઓએ વખાણવા લાયક હીમતથી થરમોપીલેની ખીણના રસ્તાનો બચાવ કર્યો, તેઓ માંસાહારી ન હતા. અથવાતો સાલેમીસ અને મેરેથોન જીતનારાઓ જેઓએ અજીત જોર અને ઉલટ બતાવી તેઓ પણ તેવા નહોતા. અને હાલમાં યાદ રાખવું કે માંસહારી પ્રજા, મનુષ્ય જાતિના ચોથા ભાગથી માત્ર જરા વધારે છે અને વધારે દારિદ્ય, ગુન્હા, અને દરદો એજ ચોથા ભાગની પ્રજામાં ... છે તે નિસંશય વાત છે.

મીસર વિષે—Edwin do Loon, in a work entitled "The Khedive's Egypt, 1877" says "His living expenses are miraculously small. Bread and vegetables are his food. Nile water his drink." "ખેડીવનું ઇજીપ્ત ૧૮૭૭" નામના પુસ્તકમાં **એડવીન ડી લીઓન** કહે છે કે "તેની જીંદગીનો ખરચ અજાયબી ભરી રીતે ટુંકો છે, રોટલી અને ભાખરી તેમનો ખોરાક છે અને નાઇલ નદીનુ પાણી તે પીએછે." Smith's Fruits and Farinacea માં લખે છે કે "The diet of the peasantry and labouring class is much the same as in China. They use fish as a kind of relish or condiment, but their nourish ment is derived from vegetable substances." "ખેડુત અને મજુર વર્ગના માણસોનો ખોરાક, **ચીન** દેશમાં જે ખોરાક તેઓ વાપરે છે તેને લગભગ મળતો જ છે. તેઓ માછલી તો સ્વાદની વાની અથવા મશાલા તરીકે વાપરે છે બાકી તેઓનો મુખ્ય ખોરાક તો વનસ્પતિ માંહેલા પદાર્થોનો જ છે. Catherwood says "The Egyptian cultivators of the soil, who live on coarse wheaten bread, Indian bread, lentils, and oth r productions of the vegetable kingdom, are among the finest people I have ever seen." કેથરવુડ કહે છે કે **મીસર** દેશના ખેડુતો, જેઓ જાડી ઘઉંની ભાખરી, ચોળી, વટાણા અને બીજા તેવાજ વનસ્પતિ માંહેલા પદાર્થો ખાય છે તેઓ, મેં જે જે લોકો જોયા છે તેમાં સૌથી રૂપવાન છે.

being from five feet ten inches to six feet high. They subsist on a tittle boiled rice. જ્યારે હાલની સગવડનાં નહોતી ત્યારે (૧૮૧૮) કાગળો અને પેગામો પગેપાળા પટામાર હિંદુઓ લઈ જતા; તેઓ ઠરાવેલા વખતમાં ન માની શકાય તેવી ઝડપે મંજલ કાપી જતા. એવી રીતે કે કલકત્તાથી મુંબાઈના અંતર વચ્ચે ૨૫ દીવસ (દરરોજના ૬૨ માઈલ) મદ્રાસથી મુંબઈ વચ્ચે ૧૮ દીવસ, સુરતથી મુંબઈ ૩ા દીવસ તેમને ઠરવેલા હતા. **સર જૉન** કહે છે કે આ માણસો સાધારણ રીતે ૫ ફુટ ૧૦ ઇંચથી ૬ ફુટ ઉંચાઇના છે. તેઓ ઉકાળેલા ચોખા ખાઇને નિર્વાહ કરે છે.

મેક્સિકો—Lyon's Residence in Mexico 1828 માં લખ્યું છે કે " The usual food of labouring classes, throughout such states as I visited is the thin cake of crushed maize, which I have described under the name of tortilla......Chillies are eaten abundantly with the tortillas, being stowed in a kind of sauce, into which the cakes are dipped. ૧૮૨૮ ના લાયન્સ રેસીડેન્સ ઇન મેક્સિકોમાં લખ્યુંછે કે:—જેજે પ્રાંતોમાં હું ફરવા જતો ત્યાંના મજુર લોકો ટોરટીલાના વર્ણનમાં લખ્યું છે તેવી પાએલી મકાઇની ભાખરી ખાતા. ટોરટીલા સાથે પુષ્ક મરચાં ખાતા તે એક રકાબીમાં નાંખતા ને તેમાં ભાખરી બોળીને ખાતા.

ચીલી.—"It is usual for the copper-miners of central Chilli to carry loads of ore of

hundred pounds weight, up eighty
lar yards twelve times a day. v
reach about near the pit they are
of apparent fearful exhaustion, yet, af
resting they descend again. The
entirely vegetable.—મધ્ય ચીલીમાં ખમો
દીવસમાં બાર વખત ૮૦ વારની ઉંચાઇએ લઇ જ
ખોદનારાં મજુરોમાં સાધારણ છે. જ્યારે તેઓ
નજીક પહોંચે છે ત્યારે ગંભીર રીતે થાકેલા લાગતા
ગેસીને પાછા ઉતરતા. તેમનો ખોરાક તદન વનસ્પતિને.

રાપો સાલાસા—(દક્ષિણ અમેરિકામાં સ્પેનને ત.
are very robust and strong and bear p
burdens on their backs, such as require
or four men, to place upon them, in
made of green hides travelling with a spee
few men, can equal without any one
સ્મીથ ૧૮૫૦માં પોતાના ટ્રુસ ઍન્ડ ફેરીનાશીયા નામે
લખે છે કે–તેઓ બહુ મજબુત અને પહેલવાન છે
બનાવેલા ચામડાના થેલામાં, જે બોજો ત્રણ ચાર માણ
પીઠ ઉપર મુકીશકે તેટલો (મોટો બોજો) ને ઉંચકી લઈ
અને તે એવી ઝડપથી ચાલે છે કે, ભાગ્યેજ કોઈ મ
બોજા સીવાય પણ તેની સરસાઈ કરી શકે

ના:—Graham's lectures—' The

hundred pounds weight, up eighty perpendicular yards twelve times a day. When they reach about near the pit they are in a state of apparent fearful exhaustion, yet, after briefly resting they descend again. Their diet is entirely vegetable.—મધ્ય ચીલીમાં બમો રતલનો બોજો દીવસમાં બાર વખત ૮૦ વારની ઉંચાઇએ લઇ જવો તેતો ત્રાંબુ ખોદનારાં મજુરોમાં સાધારણ છે. જ્યારે તેઓ ખાણના મોઢા નજીક પહોંચે છે ત્યારે ગંભીર રીતે થાકેલા લાગતા તોપણ જરા વિસામો લેઇને પાછા ઉતરતા. તેમનો ખોરાક નહિ વનસ્પતિનોજ છે.

રાયો સાલાડા—(દક્ષિણ અમેરિકામાં સ્પેનને તાબે). They are very robust and strong and bear prodigious burdens on their backs, such as require three or four men, to place upon them, in knapsacks made of green hides travelling with a speed which few men, can equal without any encumbrance. **સ્મીથ** ૧૮૫૦માં પોતાના ટ્રેટ્સ એન્ડ ફેરીનાગીથા નામે પુસ્તકમાં લખે છે કે—તેઓ બહુ મજબુત અને પહેલવાન છે અને તુરત બનાવેલા ચામડાના થેલામાં, જે બોજને ત્રણ ચાર માણસ તેમની પીઠ ઉપર મુકીશકે તેટલો (મોટો બોજો) તે ઉંચકી લઈ જાય છે. અને તે એવી ઝડપથી ચાલે છે કે, બાગેજ કોઈ માણસ કાંઈ બોજ સીવાય પણ તેની સરસાઈ કરી શકે

બ્રાઝીલ:—Graham's lectures—"The Brazil

slavesare very strong and robust class of men and of temprate habits. Their food consists of rice, fruits and bread of coarse farrenia root. They endure great hardships, and carry immense burdens on thier heads, a distance of a mile without resting. It is a common thing to see them in droves or companies moving on at a brisk trot, stimulated by the sound of a bell in the hands of the leader, each man bearing upon his head a bag of coffee, weighing a hundred and eighty pounds, apparently as if it were a light burden......They are seldom known to have a fever or any other sickness. The congo slaves of Rio Janeiro subsist on vegetable food and are among the finest-looking men in the world. આહામે આપણમાં લખ્યું છે કે:—બ્રાઝીલ દેશના ગુલામો ઘણા કદાવર અને મજબુત જાત છે અને નિયમીત આદતવાળા છે. તેઓનો ખોરાક ચોખા, ફળો અને હલકી જાતના આટાની રોટીનો છે. તેઓ ઘણા દુઃખો ખમે છે અને માઇલો સુધી થાક ખાધા શીવાય મોટા બોજા ઉપાડી લઈ જાય છે. બહુ ઝડપથી ટોળે ટોળાં અથવા ટુકડી બંધ થઈને, પોતાના વડાના હાથમાં જે ઘંટડી હોય છે તેના અવાજને અનુસરીને ખુશીથી ચાલતાં તેઓ નજરે પડે છે. આવી રીતે દરેક માણસને ૧૮૦ રતલનો કોફીનો બોજો પીઠ ઉપર હોય છે, ને જાણે

કાંઈજ ન હોય તેમ તેઓને તે લાગે છે. તેઓ તાપ અથવા બીજી જાતના મંદવાડ તે શું ચીજ છે તે ભાગ્યે જ જાણે છે. રાયા જાનેગે શહેરના કંગાલ ગુલામો વનસ્પતિ ખોરાક ઉપર નિર્વાહ કરે છે અને તેઓ દુનીયામાં સૌથી ખુબસુરત માણસો છે.

